સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# એમ બી પટેલ સ્કૂલ દ્વારા ઓરીએન્ટેશન અને સોગંદવિધિ સમારોહ





ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઓરીએન્ટેશન પ્રોગ્રામ અને સોગંધવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે સ્કૂલનાં પૂર્વ આચાર્ય હંસાબેન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થી પ્રતિનિધિઓએ સમારોહ અંતર્ગત સ્નેહા મોસની આગેવાનીમાં અનુશાસન અને શિસ્ત માટે શપથ ગ્રહણ કર્યા હતા. ડૉ. વર્ષા પટેલ અને શિલ્પા કક્કર દ્વારા એએફએસ ફોરેન એકસચેન્જ પ્રોગ્રામ અંગેની માહિતી આપવામાં આવી હતી અને આ વર્ષે સ્કૂલમાં અભ્યાસ માટે સ્વીત્ઝર્લેન્ડથી આવેલા સીતવાન તથા ઈટલીથી આવેલા મેરીકાનો પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો. બંનો વિદ્યાર્થીઓએ ગુજરાતી શબ્દોથી સૌનું અભિવાદન કરીને સૌનાં દિલ જીતી લીધાં હતાં. આ કાર્યક્રમ હેઠળ ગત વર્ષે અમેરિકા જઈ આવેલી સ્કૂલની વિદ્યાર્થિની શિયા જોષીએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. સ્કૂલના વિદ્યાર્થી વિરેન્દ્રસિંહ અને ઋષિ ફોરેન એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ અમેરિકામાં અભ્યાસ માટે પસંદગી પામ્યા છે, તેમને સમારોહ અંતર્ગત શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ત્યારબાદ શાળાકીય પ્રવૃત્તિઓ વિશે શિક્ષક શ્રેયશીબેને માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને સૌ શિક્ષકોનો પરિચય આપવામાં આવ્યો હતો.

આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સ્વાગત, સ્કોલરશીપ અંગે, સુપરવાઈઝર મોનિકા બિજલાની દ્વારા શૈક્ષણિક કાર્યપ્રણાલી વિશે અને સુપર્ણા મુખર્જી દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં શાળાની સફળતા વિશે વિગતે વાત કરી હતી.

શાળાના પૂર્વ વિદ્યાર્થી નિવિધ દેસાઈ, ખુશી વણઝારા, રિયા નિમાવત, જય ભટ્ટ, જીગર આશરાનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું, જેમણે પોતાની સફળતા માટે સ્કૂલ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

શિક્ષક નદીમ મેમણ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન ધોરણ-૧૨ના વિદ્યાર્થી પરમ ઉપાધ્યાય અને ફોરમ અવસ્થી દ્વારા કરવામાં આવ્યું હતું. ઓડિયો-વિડીયોની જવાબદારી શૈલેષ પ્રજાપતિ અને સેજલ પરમાર દ્વારા નિભાવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



એન પી પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ
પ્રમુખ, કલાગુર્જરી
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



ઉર્પલ રામભાઈ જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



હતક્ષા જૈમનભાઈ ત્રિવેદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## આરાધના વિદ્યાવિહાર દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) દ્વારા શુક્રવારે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષકોએ બાળકોને આ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. નાનાં બાળકોએ દેશભક્તિ ગીત પર નૃત્યની રજૂઆત કરી હતી અને મૌન પાળીને શહીદોનો શ્રદ્ધાંજલી પણ અર્પણ કરી હતી.

ધણપની સરસ્વતી ફાર્મા ઈન્સ્ટીટ્યુટ દ્વારા

## 'જળશક્તિ અભિયાન' વિષયે ચિત્રસ્પર્ધા




સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિઝ, ધણપ દ્વારા જળ દિવસના અનુસંધાને 'જળ શક્તિ અભિયાન'ની થીમ પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં પાણી બચાવવા પ્રત્યે જાગરૂકતા આવે અને તેઓ રોજિંદા જીવનમાં પાણીનો બચાવ કરે એ માટે આ સ્પર્ધા યોજવામાં આવી હતી. ૪૦ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોએ ઉત્સાહભેર વિવિધ પ્રકારના ચિત્રો બનાવી પ્રદર્શન પણ યોજ્યું હતું.

## જે એમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં વર્ષાગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વર્ષાગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વર્ષાને રીઝવવા માટે ઢૂંઢીયાબાપજી પણ બનાવ્યા હતા.

વિદ્યાર્થીઓનો સાથ આપતાં આચાર્ય મીનાબેન ચૌધરી, શિક્ષક ઈજુબેન, ક્રિષ્નાબેન અને સરલાબેને પણ વર્ષાગીતોનું ગાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રીનાબેન, શીતલબેન, સોનલબેન, હાર્દિકાબેન, ઉષાબેન તથા મિત્તલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

## વિદ્યાર્થિનીઓ માટે હસ્તકલા વર્કશૉપ યોજાયો

**વર્કશૉપના અંતે વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા હસ્તકલાના નમૂનાનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું અને ભાગ લેનારી તમામ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં**

ગાંધીનગર, તા. ૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે બીએ, હોમ સાયન્સ વિભાગ અને શ્રીજી હેન્ડીક્રાફ્ટ્સના સૌજન્યથી ત્રણ દિવસના હસ્તકલા વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

હસ્તકલા નિષ્ણાત જયેશભાઈ ખોરસીયા દ્વારા વિદ્યાર્થિનીઓને હસ્તકલાના વિવિધ આર્ટીકલ્સ બનાવવા અંગે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. વર્કશૉપના અંતે વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા હસ્તકલાના નમૂનાનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. વર્કશૉપમાં ભાગ લેનારી વિદ્યાર્થિનીઓને આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમનું આયોજન હોમ સાયન્સ વિભાગનાં અધ્યક્ષ પ્રા. પ્રતિમા છનિયારા, ડૉ. સજ્જનબેન ચૌધરી અને પ્રા. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## અસહકારનો પ્રવાહ

ખિલાફતની બાબત અલીભાઈઓનું જબરજસ્ત આંદોલન ચાલી જ રહ્યું હતું. મરહૂમ મૌલાના અબદિલ બારી વગેરે ઉલેમાઓની સાથે આ વિષયમાં ખૂબ ચર્ચા થઈ. મુસલમાન શાંતિને, અહિંસાને ક્યાં લગી પાળી શકે એ વિશે વિવેચનો થયાં; ને છેવટે નક્કી થયું કે અમુક હદ લગી યુક્તિ તરીકે તેને પાળવામાં બાધ હોય નહીં, અને એક વાર અહિંસાની પ્રતિજ્ઞા કરી હોય તો તે પાળવા તે બંધાયેલ છે. છેવટે અસહકારનો ઠરાવ ખિલાફત પરિષદમાં મુકાયો, ને તે ઘણી ચર્ચાઓ પછી પસાર થયો. મને યાદ છે કે અલ્લાહાબાદમાં એક વખત આને સારુ આખી રાત લગી સભા ચાલી હતી. હકીમ સાહેબને શાંતિમય અસહકારની શક્યતા વિશે શંકા હતી. પણ તેમની શંકા દૂર થયા પછી તેઓ તેમાં ભળ્યા, ને તેમની મદદ અમૂલ્ય થઈ પડી.





ત્યારબાદ ગુજરાતમાં પરિષદ થઈ તેમાં હું અસહકારનો ઠરાવ લાવ્યો. તેમાં વિરોધ કરનારની પ્રથમ એ દલીલ હતી કે જ્યાં લગી મહાસભા અસહકારનો ઠરાવ ન કરે ત્યાં લગી પ્રાંતિક પરિષદોને ઠરાવ કરવાનો અધિકાર નહોતો. મેં સૂચવ્યું કે પ્રાંતિક પરિષદો પાછું પગલું ન હઠી શકે. આગળ પગલાં ભરવાનો બધી પેટા સંસ્થાઓને અધિકાર છે, એટલું જ નહીં પણ તેમને હિંમત હોય તો તેમનો ધર્મ છે. તેમાં મુખ્ય સંસ્થાનું ભૂષણ વધે છે. ગુણદોષ ઉપર પણ સારી ને મીઠી ચર્ચા થઈ. મતો ગણાયા, ને મોટી બહુમતીથી અસહકારનો ઠરાવ પસાર થયો. આ ઠરાવ પસાર કરવામાં અબ્બાસ તૈયબજી તથા વલ્લભભાઈનો મોટો ફાળો હતો. અબ્બાસ સાહેબ પ્રમુખ હતા અને તેમનું વલણ અસહકારના ઠરાવ તરફ જ ઢળતું હતું.

મહાસમિતિએ આ પ્રશ્નનો વિચાર કરવા મહાસભાની ખાસ બેઠક કલકત્તામાં ૧૯૨૦ના સપ્ટેમ્બર માસમાં ભરવાનો વિચાર કર્યો. તૈયારીઓ બહુ મોટા પ્રમાણમાં થઈ. લાલા લજપતરાય પ્રમુખ ચૂંટાયા હતા. ખિલાફત સ્પેશિયલ ને કૉંગ્રેસ સ્પેશિયલ મુંબઈથી છૂટી. સભ્યોનો ને પ્રેક્ષકોનો બહુ મોટો સમુદાય એકઠો થયો.

મૌલાના શૌકતાલીની માગણીથી મેં અસહકારના ઠરાવનો મુસદ્દો રેલગાડીમાં તૈયાર કર્યો. આજ લગી મારા મુસદ્દાઓમાં 'શાંતિમય' શબ્દ ઘણે ભાગે નહોતો આવતો. હું મારા ભાષણોમાં એ શબ્દનો ઉપયોગ કરતો. કેવળ મુસલમાન ભાઈઓની સભાઓમાં 'શાંતિમય' શબ્દથી મારે સમજાવવાનું હું સમજાવી નહોતો શકતો. તેથી મૌલાના અબુલ કલામ આઝાદ પાસેથી મેં બીજો શબ્દ માગ્યો: તેમણે 'બાઅમન' શબ્દ આપ્યો, અને અસહકારને સારુ 'તકે મવાલાત' શબ્દ આપ્યો.

આમ હજુ ગુજરાતીમાં, હિંદીમાં, હિંદુસ્તાનીમાં અસહકારની ભાષા મારા મગજમાં ઘડાઈ રહી હતી તેવામાં મહાસભાને સારુ ઠરાવ ઘડવાનું ઉપર પ્રમાણે મારે હાથે આવ્યું. તેમાંથી 'શાંતિમય' શબ્દ રહી ગયો. મેં ઠરાવ ઘડીને ટ્રેનમાં જ મૌલાના શૌકતાલીને આપી દીધો. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર




ગાંધીનગર તાલુકાની ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ખેલાડીઓએ જિલ્લાની અન્ડર-૧૯ ભાઈઓની રસ્સાખેંચ સ્પર્ધામાં બાલવા ખાતે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચિલોડા હાઈસ્કૂલના અન્ડર-૧૯ ભાઈઓ રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયા હતા. વિજેતા ખેલાડી ટીમને માર્ગદર્શન આપનાર વ્યાયામ શિક્ષક પી.જે. પટેલને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી અને ફાર્મસીના વિદ્યાર્થીઓ જીટીયુની પરીક્ષામાં ઝળક્યા







ગાંધીનગર, તા. ૨૮

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી અને ફાર્મસીના વિદ્યાર્થીઓએ જીટીયુની સમર-૨૦૧૯માં લેવામાં આવેલી પરીક્ષામાં ટૉપ ટેન વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ફાર્મસી કૉલેજની સેમેસ્ટર-૬નાં વિદ્યાર્થિની તન્વી ચૌધરી યુનિવર્સિટીમાં ચોથા ક્રમે અને કૉલેજમાં પ્રથમ ક્રમે આવ્યાં છે. તન્વી પવાર યુનિવર્સિટીમાં આઠમા ક્રમે અને કૉલેજમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયાં છે. ઍન્જિનિયરીંગ કૉલેજના પીજી કોર્સમાં પ્રૉડક્શન મિકેનીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થી સિદ્ધાર્થકુમાર રમેશભાઈ પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે અને હર્ષદ રજનીકાંતભાઈ બારોટ દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે.

આ ઝળહળતા પરિણામ બદલ સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, ડિરેક્ટર પ્રૉ. રવિકુમારે વિદ્યાર્થીઓને સમગ્ર સંસ્થા વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## હેપ્પી યુથ ક્લબ અને સરકારી વિનયન કૉલેજ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ








હેપ્પી યુથ ક્લબની ક્રિકેટ ટીમ અને ગવર્નમેંટ આર્ટ્સ કોલેજની ટીમ વચ્ચે આજે સવારે સેક્ટર-૧૫માં સરકારી કોલેજના ગ્રાઉંડ પર ટેનિસ બોલ ક્રિકેટ મેચ યોજાઈ હતી. આ મેચમાં બંને ટીમના ખેલાડીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. મેચમાં ગવર્નમેંટ આર્ટ્સ કોલેજની ટીમનો વિજય થયો હતો. મેચમાં મેન ઓફ ધ મેચ જય પટેલ બન્યા હતા જ્યારે બેસ્ટ બોલર તુષાર ચૌધરી, બેસ્ટ બેટ્સમેન પ્રતિક ગોસ્વામી તથા બેસ્ટ ફિલ્ડર સુનિલ રાવળને જાહેર કરાયા હતા. મેચના અંતે હેપ્પી યુથ ક્લબ દ્વારા તમામ વિજેતાઓને કેપ તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. હેપ્પી યુથ ક્લબ વતી વિશાલ થોરાત, શિવાંગ પટેલ, શૈલેન્દ્ર ઠાકોર, ભાર્ગવ પટેલ, અજય ચૌધરી, પ્રવીણ ચૌધરી, રાજદીપ બિહોલા વગેરે સહિતના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.મેચનું આયોજન કોલેજના એનએનએસ યુનિટના કો-ઓર્ડિનેટર ક્રિશ્ના ઝાલાએ કર્યું હતું.